દેવાધિદેવ તીર્થંકર ભગવંતોના કલ્યાણકોની ઉજવણી એ સમ્યગ્ દર્શનની નિર્મળતા દ્વારા મુક્તિપદને અતિનિકટ બનાવવાનો અમોઘ ઉપાય છે. પરમાત્માના પાંચ કલ્યાણકો પૈકી જન્મકલ્યાણક અત્યંત મંગલ ગણાય છે...

પ્રભુના જન્મ સમયે ચૌદરાજ લોકમાં સર્વત્ર અજવાળાં થાય છે... સર્વત્ર હીરા-માણેક-સોના-રૂપાની ખાણોમાં વૃદ્ધિ થાય છે... ધરતી રસકસવાળી થવા લાગે છે... પૃથ્વી સમૃદ્ધિથી ભરપૂર બને છે... દેવદુંદુભિના નાદ ગગને ગુંજે છે... નારકીઓને પણ અંતમુહૂર્ત્ત માટે સુખની અનુભૂતિ થાય છે... ઈન્દ્ર મહારાજા અને દિક્કુમારીઓના આસન કંપાયમાન થાય છે... ઈન્દ્ર મહારાજા પાંચ રૂપધારણ કરીને પ્રભુને લઈને દેવવિમાન દ્વારા મેરુપર્વતે પહોંચી જાય છે... દેવતાઓ અભિષેક માટે ક્ષીર સમુદ્ર, ગંગા-સિંધુ નદી, પદ્મસરોવરાદિના ઉત્તમ જલ લાવે છે... દેવ-દેવીઓ હર્ષ સાથે નૃત્ય કરે છે... ચોતરફ ઢોલ, નગારા, ખંજરી, કરતાલ, ઘુઘરા, વાંસળી, ઘંટ-શંખ નાદ આદિ વિવિધ વાજિંત્રોના નાદથી વાતાવરણ ગુંજવા લાગે છે...

જે કોઇ પુણ્યાત્માઓ આનંદ વિભોર બની આ અભિષેકધારાને આંખમાં અશ્રુધારા સાથે નિહાળે છે તેઓ વિપુલપ્રમાણમાં કર્મની નિર્જરા કરી શીઘ્રતયા શાશ્વતપદના સદ્ભાગી બને છે.

Sunshine Prints-7778873949

પ્રકાશક : ગિરનાર મહાતીર્થવિકાસ સમિતિ

## ગૌરવશાળી ગિરનારદર્શન ધર્મશાળા

### (શ્રી સિદ્ધિ-કૈલાસ યાત્રિક ભવન)

શિવ નિકેતનની બાજુમાં, મીનરાજ સ્કુલની સામે, રૂપાયતન રોડ, ભવનાથ તળેટી,
જૂનાગઢ - ૩૬૨ ૦૦૧. ફોન : ૦૨૮૫-૨૬૫૭૦૯૯/૨૬૫૭૧૯૯, મો. ૯૪૦૯૬ ૮૫૯૯૯

# અભિષેક યોગ



येषामभिषेक कर्म कृत्वा, मत्ता हर्षभरात्सुखं सुरेन्द्राः ।
तृणमपि गणयन्ति नैव नाकं, प्रातः सन्तु शिवाय ते जिनेन्द्राः ।।

જે પરમાત્માનો અભિષેક કરીને અતિશય હર્ષોલ્લાસના નશાવાળા દેવેન્દ્રો સ્વર્ગને તૃણ અર્થાત્ ઘાસ કરતાં પણ તુચ્છ માને છે તેવા પરમાત્મા પ્રાતઃ સમયે તમારા (સૌના) કલ્યાણ કરનારા થાઓ.

વર્તમાનકાળમાં સમગ્ર વિશ્વ પાપાચાર-દુરાચારાદિના કારણે અશાંતિ, ઉદ્વેગ, અસમાધિ, સંઘર્ષ, સંકલેશ વગેરેની ઉંડી ખાઈમાં ધકેલાય ગયેલ છે તેવા સમયે સકલ વિશ્વના કલ્યાણ સાથે સર્વત્ર શાંતિ-સમાધિ અને સદ્ભાવનું વાતાવરણ ફેલાય તેવા શુભભાવથી પરમાત્માના જન્મકલ્યાણકના અલ્પાંશ સ્વરૂપે આ અભિષેક થાય તો ચતુર્વિધસંઘમાં પ્રચંડ પુણ્યનીવૃદ્ધિ થાય, સમગ્ર સૃષ્ટિના વાયુમંડળમાં શુભભાવના ના તરંગો ફેલાય, તેના પુણ્ય પ્રભાવે જિનશાસન, સંઘ, સંસ્કૃતિ, રાષ્ટ્ર અને વિશ્વમાત્રમાં સર્વ જીવસૃષ્ટિમાં અત્યંત આનંદ અને પ્રસન્નતાનું વાતાવરણ સર્જાય અને સૌ જીવનું કલ્યાણ થાય.

# અભિષેક સ્તુતિ સરિતા

ભક્તિભર્યો સુધર્મ ઈન્દ્ર જાણી અવસર જન્મનો,
સવિ દેવ દેવી સાથમાં ઉત્સવ કરે મહાપુણ્યનો,
મેરુશિખર પર આપનો અભિષેક જે છે ગુણકારો,
પ્રભુ ! ભવ્ય આપનો જન્મ ઉત્સવ, આજ અહીંયા અવતરો..
પ્રભુ ! ભવ્ય આપનો જન્મ ઉત્સવ, નયન મન પાવન કરો..

ક્ષીરોદધિને ગંગા-જમના, પદ્મસરના જળ ભરી,
વરદામ માગધ મૃત્તિકા, ઔષધિસભર કળશા કરી,
અડજાતિના એક કોડને સાઠ લાખથી નવણકરો,
પ્રભુ ! ભવ્ય આપનો જન્મ ઉત્સવ, આજ અહીંયા અવતરો..
પ્રભુ ! ભવ્ય આપનો જન્મ ઉત્સવ, નયન મન પાવન કરો..

કેઈક ગાવે, બજાવે ઘંટા, ભાન ભૂલે હર્ષથી,
આનંદનો સાગર હિલોળા લેતો જાણે નૃત્યથી,
એ ભક્તિ દિવ્યલોકની, કરવાના કોડ સહુ કરો,
પ્રભુ ! ભવ્ય આપનો જન્મ ઉત્સવ, આજ અહીંયા અવતરો..
પ્રભુ ! ભવ્ય આપનો જન્મ ઉત્સવ, નયન મન પાવન કરો...



# अभिषेक स्तुति सरिता

भक्तिभर्यो सुधर्म इन्द्र जाणी अवसर जन्मनो,
सवि देव देवी साथमां उत्सव करे महापुण्यनो,
मेरुशिखर पर आपनो अभिषेक जे छे गुणकारो,
प्रभु ! भव्य आपनो जन्म उत्सव, आज अहींया अवतरो..
प्रभु ! भव्य आपनो जन्म उत्सव, नयन मन पावन करो..

क्षीरोदधिने गंगा-जमना, पद्मसरना जळ भरी,
वरदाम मागध मृत्तिका, औषधिसभर कळशा करी,
अडजातिना एक क्रोडने साठ लाखथी नवणकरो,
प्रभु ! भव्य आपनो जन्म उत्सव, आज अहींया अवतरो..
प्रभु ! भव्य आपनो जन्म उत्सव, नयन मन पावन करो..

केइक गावे, बजावे घंटा, भान भूले हर्षथी,
आनंदनो सागर हिलोळा लेतो जाणे नृत्यथी,
ए भक्ति दिव्यलोकनी, करवाना कोड सहु करो,
प्रभु ! भव्य आपनो जन्म उत्सव, आज अहींया अवतरो..
प्रभु ! भव्य आपनो जन्म उत्सव, नयन मन पावन करो..

જે જન્મ સમયે મેરુ ગિરિની સ્વર્ણ રંગી ટોચ પર,
લઈ જઈ તમોને દેવ ને દાનવ ગણો ભાવે સભર,
ક્રોડો કનક કળશો વડે કરતા મહા અભિષેકને,
ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે.
આજે તમોને જેમણે જોયા છે તે પણ ધન્ય છે.

તુજ અંજન વરણી કાયની કાંતિ થકી ઝળહળ હતી,
અભિષેકની જલધાર ક્રોડો કુંભથી વરસી હતી,
જાણે સુમેરુ શૃંગ પર જમના નદી નવલી વહે,
તે દ્રશ્ય ત્યારે જેમણે માણ્યું હશે તે ધન્ય છે...(૨)

જે પાંચ રૂપે ઈન્દ્ર પ્રભુને મેરુગિરિ પર લાવતા,
પાંડુકવનમાં સ્વર્ણના સિંહાસને પધરાવતા;
બહુ ભાવથી સહુ દેવગણ કરતા જન્મ અભિષેકને,
નિરખ્યું હશે તે દ્રશ્ય ત્યારે જેમણે તે ધન્ય છે...(૨)

શ્યામલ પ્રભુના દેહ પર જબ ક્ષીર સાગર જળ ઢળે,
કાલી ઘટામાં શ્વેત જાણે વીજળીઓ ઝળહળે;
વળી દેવદુંદુભિ દિવ્યનાદે મેઘરવ જિમ ગડગડે,
નિરખ્યું હશે તે દ્રશ્ય ત્યારે જેમણે તે ધન્ય છે...(૨)

છપ્પન દિક્કુમરી તણી સેવા સુભાવે પામતા,
દેવેન્દ્ર કર સંપુટ મહી ધારી જગત હરખાવતા,



जे जन्म समये मेरु गिरिनी स्वर्ण रंगी टोच पर,
लइ जइ तमोने देव ने दानव गणो भावे सभर,
क्रोडो कनक कळशो वडे करता महा अभिषेकने,
त्यारे तमोने जेमणे जोया हशे ते धन्य छे.
आजे तमोने जेमणे जोया छे ते पण धन्य छे.

तुज अंजन वरणी कायनी कांति थकी झळहळ हती,
अभिषेकनी जलधार क्रोडो कुंभथी वरसी हती,
जाणे सुमेरु शृंग पर जमना नदी नवली वहे,
ते द्रश्य त्यारे जेमणे माण्युं हशे ते धन्य छे...(२)

जे पांच रूपे इन्द्र प्रभुने मेरुगिरि पर लावता,
पांडुकवनमां स्वर्णना सिंहासने पधरावता;
बहु भावथी सहु देवगण करता जन्म अभिषेकने,
निरख्युं हशे ते द्रश्य त्यारे जेमणे ते धन्य छे...(२)

श्यामल प्रभुना देह पर जब क्षीर सागर जळ ढळे,
काली घटामां श्वेत जाणे वीजळीओ झळहळे;
वळी देवदुंदुभि दिव्यनादे मेघरव जिम गडगडे,
निरख्युं हशे ते द्रश्य त्यारे जेमणे ते धन्य छे...(२)

छप्पन दिक्कुमरी तणी सेवा सुभावे पामता,
देवेन्द्र कर संपुट मही धारी जगत हरखावता,

મેરુ શિખર સિંહાસને જે નાથ જગના શોભતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું,
મારા પ્રભુ નેમિનાથને પંચાંગ ભાવે હું નમું.

મહાયોગના સામ્રાજ્યમાં જે ગર્ભમાં ઉલ્લાસતા,
ને જન્મતા ત્રણ લોકમાં મહાસૂર્ય સમ પ્રકાશતા,
જે જન્મ કલ્યાણક વડે સૌ જીવને સુખ અર્પતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું,
મારા પ્રભુ નેમિનાથને પંચાંગ ભાવે હું નમું.

**(રાગ : આંખ મારી ઉઘડે ત્યાં...)**

આંખ મારી ઉઘડે ત્યાં નેમિનાથ દેખું,
મંદિરીયામાં બેઠાં મારા નેમિનાથ દેખું,
નેમિનાથ દેખું તો મન હરખાતું,
ધન્ય ધન્ય જીવન મારું, કૃપા એની લેખું.

ન્હવણ કરીને મારા કર્મો પખાળું,
ચંદન વિલેપી મનને શીતળ બનાવું,
કેશર ચઢાવી મારા પાપોને બાળું,
ધન્ય ધન્ય જીવન મારું, કૃપા એની લેખું.






मेरु शिखर सिंहासने जे नाथ जगना शोभता,
एवा प्रभु अरिहंतने पंचांग भावे हुं नमुं,
मारा प्रभु नेमिनाथने पंचांग भावे हुं नमुं.

महायोगना साम्राज्यमां जे गर्भमां उल्लासता,
ने जन्मता त्रण लोकमां महासूर्य सम प्रकाशता,
जे जन्म कल्याणक वडे सौ जीवने सुख अर्पता,
एवा प्रभु अरिहंतने पंचांग भावे हुं नमुं,
मारा प्रभु नेमिनाथने पंचांग भावे हुं नमुं.

**(राग : आंख मारी उघडे त्यां...)**

आंख मारी उघडे त्यां नेमिनाथ देखुं,
मंदिरीयामां बेठां मारा नेमिनाथ देखुं,
नेमिनाथ देखुं तो मन हरखातुं,
धन्य धन्य जीवन मारुं, कृपा एनी लेखुं.

न्हवण करीने मारा कर्मो पखाळुं,
चंदन विलेपी मनने शीतळ बनावुं,
केशर चढावी मारा पापोने बाळुं,
धन्य धन्य जीवन मारुं, कृपा एनी लेखुं.




# ગિરનારી નેમિનાથ અભિષેક સ્તુતિ

ગિરનાર પર પ્રભુ નેમના, અભિષેકનો પાવન સમય,
પ્રભુ નેમિનાથ જિનાલયે, વાતાવરણ શુભ ભાવમય;
તે પરમ પાવન દૃશ્ય મારા, નેત્રને નિર્મલ કરો,
નેમિનાથની અભિષેક ધારા, વિશ્વનું મંગલ કરો...(૨)

શ્યામલ પ્રભુના મસ્તકે, નીરખું હું ક્ષીરધારા ધવલ,
રોમાંચ અનુપમ અનુભવું, ગદ્ગદ્ હૃદય લોચન સજલ;
પ્રત્યેક આત્મપ્રદેશે નેમિ, પ્રીતને નિશ્ચલ કરો,
નેમિનાથની અભિષેક ધારા, વિશ્વનું મંગલ કરો...(૨)

અભિષેકના સુપ્રભાવથી, વિઘ્નો તણો થાઓ વિલય,
સર્વત્ર આ સંસારમાં, શાસન તણો થાઓ વિજય;
સુખ શાંતિ પામે જીવ સહુ, કરુણા સુવાસિત દિલ કરો,
નેમિનાથની અભિષેક ધારા, વિશ્વનું મંગલ કરો...(૨)

અભિષેકના સુપ્રભાવથી, ભવતાપનું થાજો શમન,
ઉર કેરી ઉખર ભૂમિપર, સમ્યક્ત્વનું થાઓ વપન;
મિથ્યાત્વ મોહ કુવાસના, કુમતિતણો સવિ મલ હરો,
નેમિનાથની અભિષેક ધારા, વિશ્વનું મંગલ કરો...(૨)

અભિષેકના સુપ્રભાવથી, ગિરનારનો જય વિશ્વમાં,
મહિમા મહા ગિરિરાજનો, વ્યાપી રહો આ વિશ્વમાં;
આ તીર્થના આલંબને, ભવિ જીવ શિવ મંઝીલ વરો,
નેમિનાથની અભિષેક ધારા, વિશ્વનું મંગલ કરો...(૨)



# गिरनारी नेमिनाथ अभिषेक स्तुति

गिरनार पर प्रभु नेमना, अभिषेकनो पावन समय,
प्रभु नेमिनाथ जिनालये, वातावरण शुभ भावमय;
ते परम पावन दृश्य मारा, नेत्रने निर्मल करो,
नेमिनाथनी अभिषेक धारा, विश्वनुं मंगल करो...(२)

श्यामल प्रभुना मस्तके, नीरखुं हुं क्षीरधारा धवल,
रोमांच अनुपम अनुभवुं, गद्गद् हृदय लोचन सजल;
प्रत्येक आत्मप्रदेशे नेमि, प्रीतने निश्चल करो,
नेमिनाथनी अभिषेक धारा, विश्वनुं मंगल करो...(२)

अभिषेकना सुप्रभावथी, विघ्नो तणो थाओ विलय,
सर्वत्र आ संसारमां, शासन तणो थाओ विजय;
सुख शांति पामे जीव सहु, करुणा सुवासित दिल करो,
नेमिनाथनी अभिषेक धारा, विश्वनुं मंगल करो...(२)

अभिषेकना सुप्रभावथी, भवतापनुं थाजो शमन,
उर केरी उखर भूमिपर, सम्यक्त्वनुं थाओ वपन;
मिथ्यात्व मोह कुवासना, कुमतितणो सवि मल हरो,
नेमिनाथनी अभिषेक धारा, विश्वनुं मंगल करो...(२)

अभिषेकना सुप्रभावथी गिरनारनो जय विश्वमां,
महिमा महा गिरिराजनो, व्यापी रहो आ विश्वमां;
आ तीर्थना आलंबने, भवि जीव शिव मंझील वरो,
नेमिनाथनी अभिषेक धारा, विश्वनुं मंगल करो...(२)

ૐ હ્રીં અર્હં શ્રી નેમિનાથાય નમ: (સામુહિક ત્રણવાર બોલવા)

સોને કી છડી ! રૂપે કી મશાલ ! જરીયનકા જામા !
મોતીયન કી માલા ! આજુસે બાજુસે નિગાહ રખો !
જીવદયા પ્રતિપાલક ! દેવાધિદેવ ! ત્રણભુવનના નાથ !
વીતરાગ વત્સલ ! જ્યોતિ સ્વરૂપી ! બાવીસમા તીર્થંકર
શ્રી નેમિનાથ દાદાનો જલાભિષેક શરૂ થાય છે !!!
નમોऽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્ય:
જલપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ;
જલપૂજા ફલ મુજ હોજો, માંગુ એમ પ્રભુ પાસ

ૐ હ્રીં શ્રી પરમપુરૂષાય, પરમેશ્વરાય
જન્મ જરા મૃત્યુ નિવારણાય, શ્રીમતે જિનેન્દ્રાય
જલં યજામહે સ્વાહા !
જલાભિષેકનો પ્રારંભ થતાં જ ખંજરી, કરતાલ, ઢોલક,
ઘુઘરા, ડફલી, ઘંટ, શંખ વગેરે વાજીંત્રો વગાડજો,
ચામરાદિ નૃત્ય કરજો... હર્ષ વિભોર બની
**"જય જય શ્રી નેમિનાથ"**ના નાદથી
વાતાવરણને ગુંજતું કરી દેજો.

## (મેરુ શિખરે ન્હરાવે...)

મેરુ શિખરે ન્હવરાવે હો સુરપતિ... મેરૂ શિખરે ન્હવરાવે.
જન્મકાળ જિનવરજીકો જાણી,
પંચરૂપે કરી આવે હો સુરપતિ...૧



ॐ ह्रीं अर्हं श्री नेमिनाथाय नमः (साथमें तीनबार बोलना)

सोने की छडी ! रुपे की मशाल ! जरीयनका जामा !
मोतीयन की माला ! आजुसे बाजुसे निगाह रखो !
जीवदया प्रतिपालक ! देवाधिदेव ! त्रणभुवनना नाथ !
वीतराग वत्सल ! ज्योति स्वरुपी ! बावीसमा तीर्थंकर
श्री नेमिनाथ दादानो जलाभिषेक शरू थाय छे !!!
नमोऽर्हत् सिद्धाचार्योपाध्याय सर्व साधुभ्यः
जलपूजा जुगते करो, मेल अनादि विनाश;
जलपूजा फल मुज होजो, मांगु एम प्रभु पास

ॐ ह्रीं श्री परमपुरुषाय, परमेश्वराय,
जन्म जरा मृत्यु निवारणाय, श्रीमते जिनेन्द्राय
जलं यजामहे स्वाहा !
जलाभिषेकका प्रारंभ होतेही खंजरी, करताल, ढोलक, घुघरे,
डफली, घंट, शंख आदि वाजींत्र बजाना चामर नृत्य करना,
हर्षविभोर बनकर **"जय जय श्री नेमिनाथ"** के नाद से
वातावरण को गुंजीत करना ।

## (मेरु शिखरे न्हरावे...)

मेरु शिखरे न्हवरावे हो सुरपति... मेरु शिखरे न्हवरावे.
जन्मकाळ जिनवरजीको जाणी,
पंचरूपे करी आवे हो सुरपति...१

રત્નપ્રમુખ અડજાતિના કળશા,
ઔષધિચૂરણ મિલાવે હો સુરપતિ...૨

ક્ષીરસમુદ્ર તીર્થોદક આણી,
સ્નાત્ર કરી ગુણ ગાવે હો સુરપતિ...૩

એણી પરે જિનપ્રતિમાકો ન્હવણકરી,
બોધિ બીજ માનુ વાવે હો સુરપતિ...૪

અનુક્રમે ગુણરત્નાકર ફરસી,
જિન ઉત્તમ પદ પાવે હો સુરપતિ...૫

લાવે લાવે મોતીશા શેઠ ન્હવણજલ...લાવે... રે...
ન્હવરાવે શિવાદેવાનંદ ન્હવણજલ...લાવે... રે...
સહુ સંઘનો હરખ ન માય...લાવે... રે...

**(રાગ : रमैया वत्ता वैया...)**
તારી અભિષેક ધારા,
દેખી દુઃખ જાય અમારા... (૨)
ક્રોડો કળશો છલકાય રૂડા સંગીત રેલાય,
પ્રભુ પોતાના છે એવી અનુભૂતિ થાય (૨)
સાગરીયા ઓછા પડે, ભક્તિની જોડ ના જડે (૨)
પ્રભુજી છે અમારા (૨), તારી અભિષેક ધારા...૧



रत्नप्रमुख अडजातिना कळशा,
औषधिचूरण मिलावे हो सुरपति...२

क्षीरसमुद्र तीर्थोदक आणी,
स्नात्र करी गुण गावे हो सुरपति...३

एणी परे जिनप्रतिमाको न्हवणकरी,
बोधि बीज मानु वावे हो सुरपति...४

अनुक्रमे गुणरत्नाकर फरसी,
जिन उत्तम पद पावे हो सुरपति...५

लावे लावे मोतीशा शेठ न्हवणजल...लावे...रे...
न्हवरावे शिवादेवानंद न्हवणजल...लावे...रे...
सहु संघनो हरख न माय...लावे... रे...

**(राग : रमैया वत्ता वैया...)**
तारी अभिषेक धारा,
देखी दु:ख जाय अमारा (२)
क्रोडो कळशो छलकाय रुडा संगीत रेलाय,
प्रभु पोताना छे एवी अनुभूति थाय (२)
सागरीया ओछा पडे, भक्तिनी जोड ना जडे (२)
प्रभुजी छे अमारा (२), तारी अभिषेक धारा...१

**(રાગ - મંગલગાવો - ચોક પુરાવો)**

મંગલકારી, આનંદકારી અભિષેક ધારા છે હિતકારી,
અભિષેક ધારા છે શિવસુખકારી.
તનના તાપ ટળે, મન સંતાપ શમે,
અભિષેક ધારા નયણે નિહાળે.

ગંગા નદી જાણે કલ-કલ વહેતી,
અભિષેક ધારા છે હિતકારી
અભિષેક ધારા છે શિવસુખકારી...૧

ભાગ્ય ઉદય ભયો, કરૂણા ધોધ વહ્યો,
અભિષેકનો લ્હાવો પાયો.
કૃપા તમારી વરસે સ્વામી,
અભિષેક ધારા છે હિતકારી,
અભિષેક ધારા છે શિવસુખકારી...૨

અભિષેક ધારા પ્રભા, મંગલ વધે જગમાં,
આનંદ ઉદધિ ઉછળે દિલમાં,
આતમ સહુના નિરમલ કરતી,
અભિષેક ધારા છે હિતકારી,
અભિષેક ધારા છે શિવસુખકારી...૩



**(राग - मंगलगावो - चोक पुरावो)**

मंगलकारी, आनंदकारी अभिषेक धारा छे हितकारी,
अभिषेक धारा छे शिवसुखकारी.
तनना ताप टळे, मन संताप शमे,
अभिषेक धारा नयणे निहाळे.

गंगा नदी जाणे कल-कल वहेती,
अभिषेक धारा छे हितकारी
अभिषेक धारा छे शिवसुखकारी...१

भाग्य उदय भयो, करुणा धोध वह्यो,
अभिषेकनो ल्हावो पायो.
कृपा तमारी वरसे स्वामी,
अभिषेक धारा छे हितकारी,
अभिषेक धारा छे शिवसुखकारी...२

अभिषेक धारा प्रभा, मंगल वधे जगतमां,
आनंद उदधि उछळे दिलमां,
आतम सहुना निरमल करती,
अभिषेक धारा छे हितकारी,
अभिषेक धारा छे शिवसुखकारी...३